**CC NO.288-2026**
**CRMAJ NO.423- 2026**

सत्यमेव जयते

---

# ધાનપુરના મહે.જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.ધાનપુર.

---

**ક્રિમીનલ પર. અરજી નંબર : ૪૨૩ /૨૦૨૬**

**અરજદાર :–** પરસુભાઈ મસુલાભાઈ પરમાર
રહે.કાંટુ, નિશાળ ફળીયુ, તા.ધાનપુર, જી.દાહોદ

**વિરૂધ્ધ**

**સામાવાળા :– શ્રી સરકાર**

---

**ગુનો:– <u>ધાનપુર પોલીસ સ્ટેશન ગુના રજી નં ૧૧૮૨૧૦૧૪૨૫૧૩૫૧/૨૦૨૫</u>**

---

**અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલશ્રી. એન.બી.ચૌહાણ**

**સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.પી.પી.શ્રી. એલ.કે.ખરાડી**

---

**<u>–:કલમ.૪૮૦ બી.એન.એસ.એસ હેઠળ જામીન અરજી લગત હુકમ :–</u>**

**અરજદાર/આરોપીઓની અરજીની ટુંકમાં વિગત :–**

**(૧)** આ કામના અરજદાર/આરોપીને ઉપરોકત ગુનાના કામે પ્રોહી.કલમ –૬૫ એએ મુજબના ગુનાના કામે વોરંટ ઈશ્યુ કરતા, નામદાર કોર્ટ સમક્ષ હાજર થતા અરજદાર/આરોપીઓ હાલમાં જયુડીશીયલ કસ્ટડીમાં હોય અને આરોપીઓ સામે ચાર્જશીટ

દાખલ થઈ ગયેલ હોય હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે.

**બનાવ અંગેની હકીકત :–**

**(૨)** આ કામે હકીકત એવી છે કે, તા.૧૭/૧૧/૨૦૨૫ ના કલાક ૧૭:૩૦ વાગ્યે મોજે કાંટુ મુકામે આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાના મકાનમાં ગે.કા. રીતે દેશી દારૂ લીટર–૦૫ કિ.રૂા.૧૦૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમિયાન હાજર નહી મળી આવી પાછળથી પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ હોય જેથી આરોપી વિરૂધ્ધ ધોરણસર ફરીયાદ કરવામાં આવેલ છે.

**સુનાવણી :–**

**(૩) (અ) આરોપીઓ તરફે** :–

આ કામમાં અરજદાર/ આરોપી તરફે વિ.વ.શ્રીને રૂબરૂમાં સાંભળ્યા. તેઓએ મુખ્યત્વે રજૂઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ઉપરોકત જણાવેલ સરનામે રહે છે તે નાસી–ભાગી જાય તેવા ઈસમો નથી. તેમજ ફરિયાદી તથા સાહેદો પોલીસન માણસો હોઈ, ધાક–ધમકી આપે કે લાલચ,પ્રલોભન આપે તેવો કોઈ પ્રશ્ન નથી કે ફરિયાદ પક્ષના કેસને નુકશાન પહોચાડે તેમ નથી. તેમજ તેઓ પોલીસ કસ્ટડીમાં વધુ સમય રહે તો તેમના કુટબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. ભવિષ્યમાં આવી પવૃત્તિમાં સંડોવાશે નહીં તેમજ નાસી ભાગી જઈએ તેવા નથી તેમજ જે ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યુ છે તેમા જન્મટીપની કે આજીવન કેદની સજાની જોગાવઈ નથી તેમજ સદર ગુનાનું ચાર્જશીટ થઈ ગયેલ છે તેમજ અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તેમજ શરતોનું પાલન કરવા ખુશી અને સંમત છે.

આમ,ઉપરોકત હકિકતો ધ્યાને લઈ, અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**(બ) ફરિયાદ પક્ષે :–**

આ અરજી દાખલ થતાં સામાવાળા/સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને અરજદાર/આરોપીની અરજીનો વિરોધ કરતા જણાવેલ છે કે, રેકર્ડ જોતાં અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીચ ગુનો બને છે. વધુમાં જણાવે છે કે અરજદાર/ આરોપી સામે શિક્ષા પાત્ર ગુન્હો નોંધાયેલ છે તથા આરોપી ઘણા પ્રોહીબીશનના ગુનામા સંકળાયેલો છે. અરજદાર/ આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પુરાવો નોંધવાના તબકકે કેસ હોય આરોપી ઘણા લાંબા સમયથી હાજર રહેતા ન હોય કેસની કાર્યવાહીમાં વિલંબ થયેલ છે. અરજદાર/આરોપી જામીન મુકત થયેથી તે દારૂ ની પ્રવૃતિ થી સંકળાયેલ હોઈ, જેથી જામીન અરજી રદ કરવા માંગણી કરેલ છે.

**નિર્ણય :–**

(૪) આ કામે અરજદારની જામીન અરજી, પ્રથમ બાતમી અહેવાલ, પોલીસ તપાસના કાગળો તેમજ અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રી ધ્વારા થયેલ દલીલો તથા ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત ધ્યાને લીધા બાબત અરજદાર/આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

**નિર્ણયના કારણોની ચર્ચા :–**

(૫) વધુમાં જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલત પોતાને પ્રાપ્ત થયેલ વિવેક બુધ્ધીની સત્તાઓ વાપરવા માટે નામદાર ગુજરાત હાઈકોટ તથા નામદાર સર્વોચ અદાલત ધ્વારા સમયાંતરે પ્રસ્થાપીત કરેલી મહત્વના સિધ્ધાંતો જુદા જુદા ચુકાદાઓ માં થી નામદાર સુપ્રીમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨ (૧) જી.એલ.એચ.૯૩ પરના ચુકાદામા કેટલીક મહત્વની બાબતો દર્શાવામાં આવી છે જે ધ્યાને લેતા. અદાલત કોઈપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી સામેનો પ્રથમ દર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીઓ ટ્રાયલ સમયે હાજર રહેશે કે કેમ ?

આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ,આરોપીઓ ગુનાહિત કૃત્યમા ભજવેલો ભાગ તેમજ તેની સાથે સાથે આરોપીઓની વ્યકિતગત સ્વતંત્રતા લક્ષમાં લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે. આ કોર્ટ ધ્વારા આરોપીઓની હાલની જામીન અરજીના નિર્ણય સારું નીચે મુજબની હકિકતો ધ્યાને લેવામાં આવેલ છે.,

(૧) સજાની જોગવાઈ ધ્યાને લેતાં ગંભીર પ્રકારનો ગુન્હો છે.તેવા સંજોગોમાં અરજદાર ને જેલમા રાખવામાં આવે તો ઈન્સાફી કાર્યવાહી ચાલતા પુર્વે સજા થાય તેમ છે.આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ની છે.

(૨) ફરિયાદ પક્ષે પોલીસ સાહેદો હોઈ, તેઓને આરોપી ડરાવે,ધમકાવે કે પુરાવા સાથે ચેડાં કરે તેવો કોઈ પ્રશ્ન નથી.

**(૬)** ઉપરોકત હકિકતો તથા ઉપરોકત ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો તથા નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતના સમયાંતર પ્રસિધ્ધ થયેલા સિધ્ધાંતોને ધ્યાને લેતાં અરજદાર ને સામેના હાલના કેસની ટ્રાયલ સમયે હાજરી સુનિશ્ચિત બને તે ઉપર મુકત કરવા સુચીત જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ :-**

હાલની આ જામીન અરજી **મંજુર** કરૂ છુ. આરોપીએ રૂા. ૧૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા જાત જામીન આપ્યેથી સદર ગુન્હામાં નીચેની શરતોનો આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શરતો:-**

૧. આરોપીએ આ પ્રકારના ગુનામાં ફરીથી સંડોવાવવુ નહી.

૨. આરોપીએ પોતાનુ રહેઠાણનું કાયમી સરનામુ તથા મોબાઈલ નંબર પુરશીશથી રજુ કરવો

૩.આરોપીએ અત્રેની કોર્ટની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૪.આરોપીએ આ ગુનાના કામના સાહેદોને કોઈપણ પ્રકારની ધાક ધમકી આપવી નહી.

હુકમ આજરોજ તા.૨૧ મી, માહે. ઓગષ્ટ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા. ૨૧ /૦૮/૨૦૨૬ (કરણ પી. યાદવ)

ધાનપુર જયુડી .મેજી.ફ.ક.ધાનપુર

(**UI Code: GJ**01677)